પૂજ્ય
બહેનશ્રી
જન્મજયંતી
વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

August- 2026

સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

અહો !!
આરાધનાની દેવી
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૧૩મા મંગલકારી
જન્મજયંતી મહોત્સવ પ્રસંગે શત શત વંદન



પૂજ્ય બહેનશ્રીની અસાધારણ શક્તિ!!

બહેનશ્રીનું **grasping** કેવું ખબર છે? એક કલાકનું વ્યાખ્યાન ઘરે આવીને આખું લખી નાખે. પહેલેથી આ **grasping**. સ્ટાર્ટિંગ જ એમનું આવી રીતે હતું. 'ગુરુદેવ' મળ્યા, એમના વ્યાખ્યાન સંબંધીનો એમનો જે રસ હતો, શ્રવણનો એમનો જે રસ હતો અને ઉઘાડે એમને સાથ જે આપ્યો, ઘરે આવીને આખું વ્યાખ્યાન લખી નાખે. એમને વ્યાખ્યાનહૉલમાં બેસીને વ્યાખ્યાન નથી લખ્યા. સમયસાર પ્રવચનના પાંચ ભાગ લખાણા છે. એ એ દિવસોમાં એમણે ઘરે આવીને આખું વ્યાખ્યાન લખી નાખતા. બધા ન્યાયો આવે એની અંદર. અને 'ગુરુદેવ'નું હાર્દ પકડી પકડીને. કેટલું સરસ **grasping** એમનું હતું. કોઈને ખબર ન પડે. બોલે નહિ ને ઝાઝું. એટલે એમના ઉઘાડની કોઈને ખબર ન પડે. ઓછાબોલા હતા એટલે કોઈને ઉઘાડની ખબર ન પડે. બહુ બોલે ત્યારે માણસને એમ થાય કે આને તો બહુ જ્ઞાન લાગે છે. ગંભીરતા ઘણી હતી. જ્ઞાન ગ્રહણ કરતાં હતા એટલું જ નહિ, જ્ઞાનને પચાવી ગયા હતા એ. એ એમની બહુ મોટી શક્તિ હતી. જ્ઞાનને પચાવવાની, હજમ કરી જવાની બહુ મોટી શક્તિ હતી.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૪, વર્ષ–૨૮, ઑગષ્ટ–૨૦૨૬

‘ધન્ય અવતાર’ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગારો!!





આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું- વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું: ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

*

(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી ‘આત્મધર્મ’ ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે- અનુભવનો સાર છે; પરમ સત્ય છે. ‘વચનામૃત’ એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.



*

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઈન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે, આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

*

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

*

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયાંમાં).

*

આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

*

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

*

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાન સહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં,

સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિ-પ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*



બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*

વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે-'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (-ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

*

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે - છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી - દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

*

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં-આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી - બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે.....અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! - 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

*

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

*

ચંપાબેન એટલે કોણ? એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે. – આ, એમની વાણીનું પ્રમાણપણું છે.



*

બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે–ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

*

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દ્રષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ–ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

*

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય–ગુણ–પર્યાય, વ્યવહાર–નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

*

આ કથા–વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે... બેન તો ભગવતી માતા છે.

*


અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

...જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના–મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*

બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે.



ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે.

*

બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

*

આજ બેનનો જન્મદિન છે ને!.... બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

(પાના નં ૧૭ થી આગળ...)

કોઈ મહત્ પુરુષના યોગે યથાપ્રસંગે તેમ કરવું યોગ્ય છે. તે સિવાય બીજા પ્રકારે દીક્ષાનું ધારણ કરવું તે સફળપણાને પ્રાપ્ત થતું નથી; અને જીવ તેવી બીજા પ્રકારની દીક્ષારૂપ ભ્રાંતિએ ગ્રસ્ત થઈ અપૂર્વ એવા કલ્યાણને ચૂકે છે; અથવા તો તેથી વિશેષ અંતરાય પડે એવો જોગ ઉપાર્જન કરે છે. માટે હાલ તો તમારો તે ક્ષોભ યોગ્ય જાણીએ છીએ.

તમારી ઈચ્છા અત્ર સમાગમમાં આવવા વિષેની વિશેષ છે એ અમે જાણીએ છીએ; તથાપિ હાલ તે જોગની ઈચ્છા નિરોધ કરવા યોગ્ય છે, અર્થાત્ તે જોગ બનવો અશક્ય છે; અને એ ખુલાસો પ્રથમના પત્રમાં લખ્યો છે, તે તમે જાણી શક્યા હશો. આ તરફ આવવા વિષેની ઈચ્છામાં તમારા વડીલાદિ તરફનો જે નિરોધ છે તે નિરોધથી હાલ ઉપરવટ થવાની ઈચ્છા કરવી યોગ્ય નથી. અમારું તે પ્રદેશની લગભગથી કોઈ વાર જવા આવવાનું હોય ત્યારે વખતે સમાગમજોગ થવાજોગ હશે તો થઈ શકશે.


મતાગ્રહ વિષે બુદ્ધિને ઉદાસીન કરવી યોગ્ય છે; અને હાલ તો ગૃહસ્થધર્મને અનુસરવું પણ યોગ્ય છે. પોતાના હિતરૂપ જાણી કે સમજીને આરંભપરિગ્રહ સેવવા યોગ્ય નથી; અને આ પરમાર્થ વારંવાર વિચારી સદ્ગ્રંથનું વાંચન, શ્રવણ, મનનાદિ કરવાં યોગ્ય છે. એ જ વિનંતી.

નિષ્કામ યથાયોગ્ય.

સંગનો વિવેક

બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૨૯ પર પ્રવચન
તા. ૨૫-૧૧-૧૯૮૭, પ્રવચન નં.-૧૮૪
- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(ગતાંક થી આગળ...)



એ બહુ સારો વિષય લીધો છે. આડીઅવળી વાત નથી લીધી. બહુ માર્મિક વાત લીધી છે. તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની જે પરિણતિ, (એ) જ્ઞાનનો વિષય લીધો છે. નિજ ચૈતન્યને નિહાળવાની પરિણતિ. જરા સૂક્ષ્મતાથી વિષયને લઈએ. સ્વભાવને જ્ઞાનમાં જોવો છે તો જ્ઞાનમાં સ્વપણે જ્ઞાન પોતાને વેદે, જ્ઞાન સ્વયંને સ્વપણે વેદે એવો જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ છે. જ્યાં સુધી એવો સ્વયંનો વેદવાપણાનો સ્વભાવ એને પોતાને લક્ષમાં ન આવે, સમજમાં ન આવે, ઓળખમાં ન આવે, ખ્યાલમાં ન આવે, પકડાય નહીં ત્યાં સુધી એને એ વિષયમાં સૂક્ષ્મપણે ઊંડે ઊતરીને એ જ વિષયની અંદર એણે એનો પ્રયત્ન-અભ્યાસ અથવા એનું એવું સૂક્ષ્મ દૃષ્ટિનું અવલોકન એણે ચાલુ રાખવું જોઈએ. સ્વભાવ શું છે? એકવાર સ્વભાવ જે છે, સ્વભાવ સ્વભાવપણે લક્ષમાં આવ્યો ત્યાં આખી પરિસ્થિતિ બદલાશે, દિશા બદલાશે. પહેલી વાત એની દિશા બદલાશે, દિશા બદલાશે તો એને નિજ ચૈતન્યને નિહાળવાનો અવસર, અભેદપણે નિહાળવું એટલે અભેદપણે અનુભવવાનો અવસર આવ્યા વિના રહેશે નહીં.

મુમુક્ષુ : કામ એકલું નિહાળવાનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી : બસ! નિજને નિહાળવું એટલું જ કામ છે. આથી વધારે કોઈ કામ નથી. નિજ પણ તૈયાર છે, નિહાળનાર પણ છે. નિહાળવું એટલું કામ છે. એક વખત એણે પોતાના કાર્યનો ઉત્સાહ લાવીને, સ્વકાર્યનો ઉત્સાહ લાવીને એ કામનો પ્રારંભ કરવો જોઈએ, આગળ વધવું જોઈએ અને એ રસ્તે ચડી જવું જોઈએ. કરીને મૂકી દેવાનું કામ નથી પણ એ રસ્તે ચડી જવું જોઈએ. તો એ રસ્તે પછી આગળને આગળ વધ્યો જશે.

મુમુક્ષુ : અહીંયાં પરિણતિ શબ્દ વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી : હા, પરિણતિ. બહુ માર્મિક વાત લીધી છે.

'અચાનક આવી પડેલા અસત્સંગમાં...' એક એક શબ્દની અંદર બહુ વાત રહેલી છે. બધું અદ્ધરથી આવેલું નથી. *'અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે,...'*

આવી પડે. કોઈ એવા જૂના સંબંધી હોય, જૂના પરિચયી હોય એને એમ થાય કે ના ના આજ તો જાવું છે ને એની સાથે બેસવું છે. (એ) આવી પડે. આવી પડે ને એના રસ પ્રમાણે વાતો પણ કરે. પોતે જાગ્રત રહે. એનો રસ ગમે તેટલો હોય, આપણને આમાં કાંઈ મઝા આવે એવું કે રસ આવે એવું નથી. ભળી જાય એમ નહીં, જુદો રહે. પોતે ભળી ન જાય. નહીંતર અત્યારે તો એવા હળવા વિષય છે ટોળટપ્પાના, હાસ્યના, ટુચકાના, રમૂજના, રમત-ગમતના. એને ક્યાંય રસ આવે નહીં. ઊલટાનું એને ખેદ થાય કે મારો વખત બગડે છે, મારો સમય છે એ બગડે છે. પોતાનો સમય વેડફાય જાય એ સંબંધીનો ખેદ થવો એ પણ એક પાત્રતાનું ચિહ્ન છે. અને એનો ખેદ ન થવો અને પોતે સમય વેડફી નાખે તો ત્યાં પાત્રતા નથી. એમ એ સ્પષ્ટ થાય છે. એટલે અચાનક આવી પડેલા એટલે સામેથી આવી પડેલો અસત્સંગ હોય તો પોતે જુદો રહે, જુદો રહેવા માટે જાગ્રતિ રાખે, જુદો રહેવા માટે પુરુષાર્થ રાખે. પણ પોતે જ રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ અવશ્ય મંદ પડી જાય. પોતે રસ (ન લ્યે).

એ તો 'શ્રીમદ્‌જી'એ વિષય લીધો કે દીર્ઘકાળ પર્યંત વૈરાગ્યથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં અસત્સંગમાં રસ લેનારો તેનો તે જીવ આગળની બધી વાત એની ધોવાઈ જતા વાર લાગતી નથી. સાફ થઈ જાય, ઘડીકમાં સાફ થઈ જાય. છ-બાર મહિના સત્સંગમાં રહ્યો હોય અને એક અઠવાડિયામાં (અસત્સંગમાં) સાફ થઈ જાય. જેમ કોઈ માણસ આખી જીંદગી કમાણો હોય અને જુગારમાં એક દાવમાં કમાયેલું બધું હારી જાય એના જેવો વિષય છે. જુગાર જેવો વિષય છે. *'પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.'* અથવા એને અવશ્ય નુકસાન થાય, થાય ને થાય જ. એ નુકસાનમાં આવી જાય.

'આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને ભલામણ છે.' મૂળ તો એ 'કુંદકુંદાચાર્યે' એ વાત કરી છે કે હે મુનિ! તું સંગનો ખ્યાલ રાખજે. મુનિઓને એમ કહેવું શું છે? કે મુનિદશામાં આવેલા જીવને જો આ વિષયની અંદર આચાર્ય મહારાજ ભલામણ કરે છે, આચાર્ય તો ગુરુના સ્થાને છે, બન્ને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે તોપણ આચાર્ય પોતે ગુરુના સ્થાને છે. શિષ્ય મુનિ સાધુ છે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે ખબર છે એને પણ એમ કહે છે કે જુઓ ભાઈ! આ સંગનો વિષય છે ઈ બહુ મહત્વનો છે. માત્ર નીચેની કક્ષાવાળા જીવોને સંગનું મહત્વ છે અને તું મુનિ થઈ ગયો એટલે તારી શક્તિ ઘણી વધી ગઈ છે ને હવે તને વાંધો નથી, એમ અમે તને કહેતા નથી. (તો પછી) મુમુક્ષુને તો વાત જ ક્યાં રહી? એ તો બહુ નબળો છે. જ્યારે મુનિઓને આ ભલામણ આચાર્ય મહારાજ કરે છે - આ તો એમ કહીને એમ કહેવું છે. વાક્યરચના આ છે. એમાં એમ કહ્યું છે, મુનિદશા પર્યંત આગળ વધેલા જીવને પણ જો આ સૂચના મહત્વ જોઈને આપવામાં આવે છે તો બીજાએ તો-નીચેનાવાળાએ તો સંગનો વિષય આપોઆપ સમજી લેવા જેવી વાત છે.

'નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે.' આ નિશ્ચય-વ્યવહારની સંધિનો વિષય છે. માર્ગદર્શનનું

જે પ્રકરણ છે એ અનેક પડખેથી જીવ ક્યાંય પણ માર્ગ બહાર ન જાય અને માર્ગ ઉપર રહી જાય, એ પ્રકારના હેતુથી ચારેય પડખેથી-અનેક પડખેથી અથવા સર્વ પડખેથી એ વિષયને સ્પષ્ટ કરનારો વિષય છે. એને માર્ગદર્શન કહેવામાં આવે છે. ક્યાંય ભૂલો ન પડે. જેટલા ભૂલા પડવાના સ્થાન છે, કહી શકવા યોગ્ય, બતાવી શકવા યોગ્ય, વર્ણન કરી શકવા યોગ્ય એ લગભગ બતાવતા જાય છે. એ જાતનો જ્ઞાનીને વિકલ્પ આવવો જોઈએ. વિકલ્પ આવે (એમ) બતાવતા જાય (કે) અહીંયાં ધ્યાન રાખજે, અહીંયાં ધ્યાન રાખજે, આ બાજુ ધ્યાન રાખજે, આમ કરતા ધ્યાન રાખજે, આમ પણ પ્રસંગ ઉત્પન્ન થશે, આવો પણ પ્રસંગ ઉત્પન્ન થશે.. આવો પણ પ્રસંગ ઉત્પન્ન થશે.

આમાં લીધું ને? ૨૧૫ આપણે ચાલી ગયો ને. *'મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય...'* પ્રસંગ આવશે શુભના, પંચકલ્યાણકના પ્રસંગ આવશે, અનેક પ્રકારના મહોત્સવ, ધાર્મિક મહોત્સવ ઉજવવાના પ્રસંગ આવશે, ધાર્મિક પ્રચારનો, તત્ત્વ પ્રચારનો પ્રસંગ આવશે, અનેક જાતના પ્રસંગ આવશે. શુભમાં જોડાવાનું થાશે પણ અંદરમાં પોતાના આત્માને શોધવાનો છે અને એ શોધવાનો બાકી છે એ રાખીને વાત છે. જેમ કોઈ હજાર વાત કરે પણ જેને પોતાનું કાળજું સાબૂત છે એ કોઈનો ચડાવ્યે ચડી જતો નથી કે ભ્રમણામાં આવતો નથી. ઈ તો વાત કરે, આપણે આપણું કાળજું સાબૂત રાખો. એમ અનેક પ્રસંગ પડે પણ અંતરશોધનું કાળજું જેનું સાબૂત છે એ અનેક શુભ પ્રસંગમાં ભલે પ્રવર્તતો, પ્રવર્તવાનું થાશે, નહીં થાય એવું નહીં બને. કેમ કે શુભ અને અશુભ બે જ છે એની પાસે. અશુભમાં તો જાવું નથી. પણ અંતરશોધ રાખીને વાત છે. એ પ્રક્રિયા છોડીને વાત નથી, એ લક્ષ છોડીને વાત નથી.

મુમુક્ષુ : સાચું તો આમાં રસ...

પૂજ્ય ભાઈશ્રી : સીધી વાત છે. મંદ રસે પ્રવૃત્તિ થાય. નહીંતર આખેઆખો અર્પાઈ જાય, ખૂંચી જાય આખેઆખો. એ તો છે જ. કુદરતી વસ્તુ છે.

બીજું કે, શાસ્ત્રમાંથી તને તારું શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવામાં (આવે છે). સર્વથા શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે, જરાય અશુદ્ધ નથી, અશુદ્ધતાની ગંધ એમાં નથી. અને તું શુદ્ધ છો એમ જ અનુભવ કર, એમ પ્રતીતિ કર, એમ નિહાળ, એમ અવલોકન કર, એને એમ જાણ, એમાં જ સ્થિરતા કર, એવી જ જોર જોરથી વાતો આવશે. સ્વચ્છંદ ન થઈ જાય, તારી પર્યાયની અશુદ્ધતા સાવ ભૂલી જા અને તને સ્વચ્છંદ થઈ જાય એ પ્રકાર પાછો એમાં ન આવે. આ તો માર્ગથી જરાય આડોઅવળો જઈને માર્ગ છોડી દે તો એ માર્ગદર્શન નથી. એ ન છોડી દ્યે એનું નામ માર્ગદર્શન છે. બધી વાત કરી છે.

મુમુક્ષુ : નિશ્ચય-વ્યવહારની સંધિ છે.

પૂજ્ય ભાઈશ્રી : નિશ્ચય-વ્યવહારની આ સંધિ છે. નિશ્ચયનું સ્વરૂપ, અવલંબનને યોગ્ય એવું જે નિશ્ચયનું સ્વરૂપ અને એ અવલંબનના જોરમાંથી નીકળેલી જે જ્ઞાનીઓની વાણી માર માર કરતી

આવશે, તોપણ નિશ્ચય-વ્યવહારની સંધિવાળા એમના પરિણામ છે, તારા પરિણામમાં પણ એ જ પ્રકાર ઉત્પન્ન થવો જોઈએ. નહીંતર પાછી ગડબડ થતા વાર લાગશે નહીં. ચારે બાજુથી માર્ગદર્શનમાં તો ઘણી ઘણી વાતો આવે છે.

જ્યારે વાંચન ચાલતું હશે તો કેટલી વાતો (આવી હશે!) આ તો મર્યાદિત વિષય આવે. પકડાણો એટલો વિષય આવે. આવો ઘણો ચાલતો હશે, એમ થાય ને. કેટલી જાતનો વિષય ચાલતો હશે!

'નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ...' જેને જે પ્રકારની... મુમુક્ષુમાં પણ અનેક કોટિના મુમુક્ષુ છે, અનેક પ્રકારની યોગ્યતાવાળા છે. એકસરખી યોગ્યતાવાળા બધા મુમુક્ષુઓ હોતા નથી તો જેની જેવી યોગ્યતા હોય એણે પોતાના હિતને લક્ષમાં રાખીને *'સમજી લેવાનું છે.'*

નવું પ્રકાશન



'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૭)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૭ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૪માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા.૧૭-૧૨-૨૦૨૬ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૩૦-૧૦-૨૦૨૬ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ઑગષ્ટ-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

શ્રી વિરાગ અજીતભાઈ શાહ, ભાવનગર

દ્વારા ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,

જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

જ્ઞાનીમાં પણ અસાધારણ જ્ઞાની એવા પૂજ્ય બહેનશ્રી!!

વિવિધ પ્રવચન દરમિયાન પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો!!

– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



(તેમની) જન્મ જયંતી ઉપર ખાસ કરીને હીરાથી વધાવવાની શરૂઆત થઈ તો એ વાત એમને ગમતી વાત નહોતી. બીજું કે, 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં પાછો એ પ્રસંગ બનતો હતો એટલે પણ એ વાત એમને ગમતી નહોતી. પછી 'ગુરુદેવ'ની આજ્ઞા થઈ ગઈ એટલે પછી એક એવો પ્રકાર છે એ કે, બધા વિકલ્પોનું ત્યાં પૂર્ણવિરામ છે. એની સામે વિકલ્પ નહીં. એ વિકલ્પ નહીં. 'ગુરુદેવ'ના વિકલ્પ સામે પછી કોઈ વિકલ્પ નહીં, એ વિશેષતા છે.

(પ્રવચનાંશ.. શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૧૬૭, તા. ૧૯–૭–૮૭, શ્રી'અધ્યાત્મ સુધા' ભાગ–૫, પાનું –૩૨)

*

પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ (બહેનશ્રીનાં વચનામૃતની)વિશેષ પ્રશંસા કરી છે એના કેટલાક કારણો આવા છે. મહાન પરમાગમોમાંથી સીધી આવી વાત મળવી મુશ્કેલ પડે. આ સીધી સ્વાનુભવમાંથી ઉતારીને કહી છે. એટલે પછી 'ગુરુદેવ' એમ કહેતા કે આ આગમ છે, આ પરમાગમ છે, આ જિનવાણી છે.

(પ્રવચનાંશ.. શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૧૯૫, તા. ૩૦–૯–૮૭, શ્રી'અધ્યાત્મ સુધા' ભાગ–૫, પાનું –૪૬૫)

*

'બહેનશ્રી'ની ચર્ચાનો આ એક ગ્રંથ છે. નામ 'સ્વાનુભૂતિદર્શન' આપ્યું છે. બહેનશ્રીના વિષયમાં થોડો સંક્ષેપ પરિચય નવા ભાઈઓ–બહેનો હોય એ હિસાબે જરૂરી લાગે. કેમકે એમની ચર્ચા આપણે સ્વાધ્યાયમાં લીધી છે. એ એક નાની ઉંમરથી પૂર્વના આરાધક અને સંસ્કારી જીવ આ ભવમાં ધાર્મિક ક્ષેત્રમાં એમણે ઝંપલાવ્યું. પૂર્વના આરાધક હતા. અને કૃપાળુદેવની જેમ સાત વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયું, એમ એમને ૧૯૯૪માં એટલે ૨૩ વર્ષે, ૨૩ મે વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે એમને પણ પૂર્વભવ વગેરે ખ્યાલમાં આવ્યા.

પોતાનું આરાધકપણું ખ્યાલમાં આવ્યું. પણ એ પહેલાં જ આઠેક વર્ષથી એમના વિચારોમાં સંસારના ક્ષેત્રમાં આગળ નહિ વધતા આત્મકલ્યાણ કરી લેવું એવા વિચારોથી એમણે પોતાના પરિણામોનું વલણ બદલી નાખ્યું.

નાનપણથી ઘણા વૈરાગી હતા. શાંત હતા. અને ૧૮ વર્ષની ઉંમરે એમણે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરેલી. ૧૫ વર્ષની ઉંમરે ગૃહ ત્યાગ કર્યો. ત્રણેક વર્ષના ધાર્મિક અભ્યાસ પછી પૂજ્ય 'ગુરુદેવ'ના નિમિત્તે એમને ૧૮ વર્ષની ઉંમરે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને ત્યાર પછી લગભગ ૬૦ વર્ષ એમણે સાધનામાં ગાળ્યા. ૭૮ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો. જો ૧૮ વર્ષની ઉંમરે આત્મજ્ઞાન થયું હોય તો ૬૦ વર્ષેક જેટલો, લગભગ અડધા દાયકાથી વધારે. અડધા સૈકાથી વધારે છ દાયકા એમણે સાધનામાં ગાળ્યા. અંદર સાધના કરી.

અને છેલ્લા વર્ષોમાં મુમુક્ષુ સમાજ એમની પાસે આવતો ત્યારે એ ચર્ચા કરતા. તબિયત નાદુરસ્ત હોવાને લીધે ૨૦-૨૫ મિનિટ ચર્ચામાં આપી શકતા હતા દિવસમાં. બપોરે એક થી દોઢના ગાળામાં આ બધી ચર્ચાઓ ચાલતી. કોઈવાર ત્યારપછી પણ કોઈ કોઈ બહેનો એમના સંપર્કમાં રહેતા. એમની સાથે પણ ચર્ચાઓ ચાલતી. એ બધી ટેપ રેકોર્ડ કરવામાં આવતી હતી. અને એ ટેપ રેકોર્ડિંગ થયેલી ચર્ચાથી આ ગ્રંથની ઉત્પત્તિ થઈ છે.

'કૃપાળુદેવ' અસાધારણ જ્ઞાની થઈ ગયા. એમને પણ કેટલીક સાધનાને કારણે લબ્ધિ ઉત્પન્ન થયેલી. એવું જ બહેનશ્રી માટે છે. બહુ સિમિલર કેસ છે. 'કૃપાળુદેવે' ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરેલો. 'બહેનશ્રી'એ પ્રવેશ કર્યા પછી છોડી દીધેલું ગૃહસ્થ જીવન, તરત જ. રહ્યા નહિ એમાં. ૧૫ વર્ષની ઉંમરે જ છોડી દીધું. અને એ પણ એક લબ્ધિધારી મહાત્મા થયા, સાધનાના નિમિત્તે એમને પણ કેટલીક લબ્ધિઓ પ્રગટ થઈ ગયેલી. કહેવાનો મતલબ એટલો છે કે આ કાળના અસાધારણ જ્ઞાની હતા. જ્ઞાનીમાં પણ અસાધારણ જ્ઞાની એમ. બહુ સાદી ભાષામાં અંતરના અનુભવની એમણે પારમાર્થિક અને રહસ્યમ જ્ઞાનીઓના હૃદયની વાતો ખુલ્લી કરી છે એમ કહીએ તો ચાલે.

(શ્રી સ્વાનુભૂતિદર્શન પ્રવચન નં-૪૨૮, તા.૨૯-૮-૧૯૯૭, પ્રશ્ન નં-૬૫૪)

*

'બહેનશ્રી'ના બોલવા ઉપર થોડો વિચાર ચાલી ગયેલો. એમના પરિચય પછી કે, બહુ ઓછા બોલા છે. બહુ ઓછું બોલે છે, પણ બોલે છે એ નિચોડરૂપ બોલે છે. એટલે શું થાય છે કે એમના વિચાર લાંબા લાંબા રજુ નથી કરતા એ. એ વિચારનો ટોટલ મૂકી દે છે. એટલે એમને સમજવા હોય તો એમના ટોટલ પાછળ એમની વૈચારિક ભૂમિકા કેટલી ઊંડી અને વિશાળ છે એ સમજવું પડે. અને તો એમની ખરી મહત્તા આવે, એમની મહિમા આવે. એવી એમની પદ્ધતિ હતી બોલવાની.

(શ્રી સ્વાનુભૂતિદર્શન પ્રવચન નં-૩૨૫, તા.૧૬-૧૦-૧૯૯૮, પ્રશ્ન નં-૩૮૬)



ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી!

'બહેનશ્રીનાં વચનામૃત'માંથી ભાવના વિષયક ચૂંટેલા અણમોલા રત્નો

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના–એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને – ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે – એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

*

આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર–મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. ૨૪.

*

ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ. ૫૫.

*

દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે. ૬૭.

*

રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્‌ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે. સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. ૯૨.

*

ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે. ૧૦૩.

*

ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન–ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત–ઔષધ કહેવામાં આવ્યાં છે. ૧૬૪.

*



અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા– એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પરમાત્મા થઈ જાય છે. ૨૨૪.

*

સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કંઈ જોઈતું નથી. એક આત્મા જ જોઈએ છે. આ ક્ષણે વીતરાગતા થતી હોય તો બીજું કંઈ જ નથી જોઈતું; પણ અંદર રહેવાતું નથી, માટે બહાર આવવું પડે છે. અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ. ૨૬૩.

*

ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.

'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'

જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. ૨૮૯.


*





(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



‘દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય’

‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’ – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

(દ્રવ્યદૃષ્ટિના જોરમાં) **કેવળજ્ઞાનથી પણ અમારે પ્રયોજન નથી–મોક્ષથી પણ પ્રયોજન નથી – તે તો થઈ જાય છે. ૧૩.**

*

પરિણામ પોતાનું હોવા છતાં પણ તેને પોતે ખુદ જ (કર્તા બુદ્ધિથી) **પલટાવી શકતો નથી. અને પરિણામમાં કર્તા–કર્મપણાનો ધર્મ છે. તેથી તે તો પલટશે જ. (જ્યાં સુધી) દૃષ્ટિ બહાર ઝૂકી છે, દૃષ્ટિનો પ્રસાર પોતાને છોડીને બહારમાં છે; તો (ત્યાં સુધી) પરિણામ પણ બહાર ઝૂકશે. અને (જો) દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ છે, તો પરિણામ પણ પોતાની તરફ ઝૂકશે. મારે તો પરિણામ પણ પલટાવવું** (ફેરફાર કરવો) **નથી. હું તો અપરિણામી છું અને પલટવું મારો ધર્મ જ નથી. તે તો પરિણામનો ધર્મ છે. દૃષ્ટિના હિસાબથી તો શુદ્ધ પરિણામ પણ મારાથી જુદા જ છે. જ્ઞાન તેને પોતાનો અંશ જાણી લે છે. ૧૯.**

*

‘હું ખુદ જ વર્તમાનમાં ભગવાન છું’. – (તેમાં) **ભગવાન થવું પણ ક્યાં છે? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝૂકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાન–સિદ્ધ દશા આદિ થશે જ. મારે તો તેનાથી પણ પ્રયોજન** (દૃષ્ટિ) **નથી. ૨૩.**

*

વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ (શુદ્ધપર્યાય) **પણ મારાથી ભિન્ન છે, ‘હું તો અપરિણામી છું.’ એક સમયના પરિણામની સાથે વહેતો નથી. ૨૬.**


*

‘હું’ (ત્રિકાળી) **પરિણામમાં જતો નથી.** (ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થતાં) **પરિણામ સહજ જ મારી તરફ આવે છે. ૨૯.**

*

‘હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું–ધરવું છે જ નહિ,’ – એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે. ૩૦.

*



- પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રાજહૃદય !!

પત્રાંક-૪૦૫

મુંબઈ, ભાદરવા સુદ ૧૦, ગુરુ, ૧૯૪૮

અત્ર ક્ષણપર્યંત તમ પ્રત્યે કોઈ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન, કાયાના યોગથી જે જે અપરાધાદિ કંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઈચ્છું છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું, તેમ છતાં પણ કોઈક અનુપયોગભાવે દેહપર્યંતને વિષે તે પ્રકાર ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઈચ્છું છું; અને તે ક્ષમારૂપભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વ પ્રકાર અમ પ્રત્યેના પૂર્વકાળના, વિસ્મરણ કરવાને યોગ્ય છો.

કંઈ પણ સત્સંગવાર્તાનો પરિચય વધે તેમ યત્ન કરવો યોગ્ય છે. એ જ વિનંતી.

રાયચંદ

*

પત્રાંક-૪૦૬

મુંબઈ, ભાદરવા સુદ ૧૨, રવિ, ૧૯૪૮

પરમાર્થ શીઘ્ર પ્રકાશ પામે તેમ થવા વિષે તમ બન્નેનો આગ્રહ પ્રાપ્ત થયો, તેમ જ વ્યવહારચિંતા વિષે લખ્યું, અને તેમાં પણ સકામપણું નિવેદન કર્યું તે પણ આગ્રહરૂપે પ્રાપ્ત થયેલ છે. હાલ તો એ સર્વ વિસર્જન કરવારૂપ ઉદાસીનતા વર્તે છે; અને તે સર્વ ઈશ્વરેચ્છાધીન સોંપવા યોગ્ય છે. હાલ એ બેય વાત અમે ફરી ન લખીએ ત્યાં સુધી વિસ્મરણ કરવા યોગ્ય છે.

જો બને તો તમે અને ગોસળિયા કંઈ અપૂર્વ વિચાર આવ્યા હોય તો તે લખશો. એ જ વિનંતી.

*

પત્રાંક-૪૦૭

મુંબઈ, ભાદરવા વદ ૩, શુક્ર, ૧૯૪૮


શુભવૃત્તિ સંપન્ન મણિલાલ, ભાવનગર.

વિ. યથાયોગ્યપૂર્વક વિજ્ઞાપન.

તમારું પત્ર ૧ આજે પહોંચ્યું છે; અને તે મેં વાંચ્યું છે. અત્રેથી લખેલું પત્ર તમને મળવાથી થયેલો આનંદ નિવેદન કરતાં તમે દીક્ષા સંબંધી વૃત્તિ હાલ ક્ષોભ પામવા વિષેનું લખ્યું, તે ક્ષોભ હાલ યોગ્ય છે.

ક્રોધાદિ અનેક પ્રકારના દોષો પરિક્ષીણ પામી ગયાથી, સંસારત્યાગરૂપ દીક્ષા યોગ્ય છે, અથવા તો

(અનુસંધાન પાના નં ૦૭ પર..)



અદશ્યને દશ્ય કોણ કરે છે?

– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

અદશ્ય (આત્મ સ્વભાવ)ને દશ્ય કરે છે એના મૂળમાં ભાવના છે. દેખાતું નથી, સમજાતું નથી એનું કારણ, જે ભાવોની મલિનતા છે એ મલિનતાને વશ જ્ઞાનદર્પણ મેલું થયું છે. તોપણ મેલ લાગેલો ઉખડી શકે છે. મેલ અને જ્ઞાન બે એક થઈ ગયા નથી. મેલ ઉખડી શકે છે અને એનો સાબુ ભાવના છે. (શ્રી અધ્યાત્મસુધા ભાગ –૮ , પાના નં–૩૨૩)

*

અનાદિના વિભાવરસને લઈને જે પરિણતિ થઈ ગઈ છે એ પરિણતિમાં રહેલા મેલને, જામેલા મેલને ઉખાડવામાં જ્યારે બીજી કોઈ શક્તિ નથી આત્માને પ્રગટ થઈ ત્યારે આ ભાવના કામ કરે છે. પહેલુંવહેલું સાફસૂફીનું કામ ભાવના કરે છે. (શ્રી અધ્યાત્મસુધા ભાગ –૮ , પાના નં–૩૨૭)

*

મુમુક્ષુ : ભાવનાનો ખુલાસો માતાજીએ બહુ સરસ કર્યો!

પૂજ્ય ભાઈશ્રી : ગજબ કામ કર્યું છે! મુમુક્ષુની અનેક પ્રકારની ભિન્ન ભિન્ન પ્રકારની મૂંઝવણનો એક માસ્ટર કી જેવો જવાબ છે–ઉત્તર છે. કોઈ કઈ રીતે મૂંઝાય, કોઈ કઈ રીતે મૂંઝાય, કોઈને કાંઈ. સળ સૂઝતી નથી એમ કહે, માર્ગ સૂઝતો નથી, તત્ત્વદર્શન થતું નથી, કોઈને કાંઈ. કોઈ કહે યાદ રહેતું નથી. કોઈ કહે શાસ્ત્રવાંચનમાં હવે આંખ કામ કરતી નથી, કોઈ કહે કાન કામ કરતા નથી. શ્રવણમાં કામ કરતા નથી. વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો શિથિલ થઈ જાય છે. કોઈને મોતિયો આવે છે, કોઈને કાન ગયા છે, કોઈને કાંઈ, કોઈની સ્મરણશક્તિ મંદ પડે છે. કોઈને શરીરના રોગાદિ અને અશક્તિ લાગુ પડે છે. અનેક પ્રકાર (છે). શું કરીએ હવે બીજું અમે આગળ વધવા માટે શરીર સાથ દેતું નથી એમ કહે. કાંઈ કોઈપણ હાલતમાં તારા સ્વરૂપની ભાવના થઈ શકે છે અને એ વૃદ્ધિગત કરતો જા. સીધો સરળ ઉપાય છે. આથી બીજો સહેલો ઉપાય બીજો ક્યો હોઈ શકે? કોઈપણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં થઈ શકે એવી વાત છે.

મુમુક્ષુ : આ કાર્યમાં શરીરની તો કોઈ જરૂર જ પડતી નથી.

પૂજ્ય ભાઈશ્રી : આ કાર્યમાં શરીરનું કામ નથી. ખરી વાત તો એમ છે કે આ કાર્યમાં શરીરનું કોઈ કામ નથી. જો શરીરનું કામ નથી તો બીજા સંયોગોનું શું કામ છે? આ તો નજીકના ક્ષેત્રે રહેલી ચીજ છે. દૂરક્ષેત્રવર્તી પદાર્થોનું તો કાંઈ કામ નથી. સીધી વાત છે. ચૈતન્યનું કાર્ય ચૈતન્ય કરે, શરીરનું કાર્ય શરીર કરે. અહીં તો શરીરનું તો કાર્ય નથી કહે છે કે રાગનું પણ કામ નથી. આવો રાગ કર, આવો શુભરાગ કર તો તું આત્મપ્રાપ્તિની નજીક જઈશ એ વાત પણ નથી.

* (શ્રી અધ્યાત્મસુધા ભાગ –૮ , પાના નં–૩૩૧)

‘સ્વાનુભૂતિપ્રકાશ’ પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે ‘સ્વાનુભૂતિપ્રકાશ’ – આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઇલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

– મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐ **pdf** ફાઇલ ☐

હાલનો રજી. નં :- _____

નામ :- _____

સરનામું :- _____

_____

_____ પિનકોડ:- _____

મોબાઈલ નં:- _____

REGISTERED NO. : BVHO - 261 / 2024-2026
RENEWED UPTO : 31/12/2026
R.N.I. NO. : 69847/98
Title Code : GUJGUJ07425
Published : 10th of Every month at BHAV.
Posted at 10th of Every month at BHAV. RMS
Total Page : 20

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913

Printed Edition : **1085**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...
Shri Shashiprabhu Sadhana Smruti Mandir
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur printers 9374825041